# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"શિક્ષક યોગ્યતા કસોટી-II(TET-II)-૨૦૨૨ જાહેરનામામાં સુધારો"

"Teacher Eligibility Test-II(TET-II)-2022 Addition in Notification"

જાહેરનામા ક્રમાંક:રાપબો /TET-II /૨૦૨૩/ તા:૩૧/03/૨૦૨૩

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ થી "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા.૩૧/03/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક થી ધો. ૬ થી ૮ ઉચ્ચત્તર પ્રાથમિક શાળા માટે વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટેની તાલીમી લાયકાતમાં સુધારો કરવામાં આવેલ છે.

જેથી નિયત કરવામાં આવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો નીચેની વિગતે **http://ojas.gujarat.gov.in** પર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ અને નેટ બેંકીંગ મારફત ફી ભરી શકશે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૦૧/૦૪/૨૦૨૩ થી ૦૬/૦૪/૨૦૨૩ |
| ૨ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૦૧/૦૪/૨૦૨૩ થી ૦૬/૦૪/૨૦૨૩ |
| ૩ | પરીક્ષાની તારીખ | ૨૩/૦૪/૨૦૨૩ |

શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.

સ્થળ:ગાંધીનગર

તારીખ:૩૧/03/૨૦૨૩

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

જીલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક કરવા બાબત - સુધારા ઠરાવ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૩૧/૦૩/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૧૭/૦૩/૨૦૨૩.

પ્રસ્તાવના :

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) થી જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા માટે સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ. જે અન્વયે વિદ્યાસહાયક ભરતીની લાયકાતમાં સુધારા કરવા બાબતે અરજદારો દ્વારા વિવિધ રજૂઆતો કરવામાં આવેલ જે આ વિભાગની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના સમાન ક્રમાંકના ઠરાવની મૂળ જોગવાઇમાં નીચે મુજબ સુધારો કરી સુધારા ઠરાવ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| આ વિભાગના તા. ૧૭/૦૩/૨૦૨૩ ના ઠરાવના સંદર્ભ | મૂળ જોગવાઈ | સુધારો |
|---|---|---|
| ફકરા ૨ (A) (i) અને ફકરા ૨ (A) (iii) (b) | બી.એસસી./બી.ઇ./બી.ટેક. | બી.એસસી./બી.ઇ./બી.ટેક./ બેચલર ઓફ ફાર્મસી (B.PHARM) |
| ફકરા ૨ (A) (iii) (a) | એમ.એસસી./એમ.ઇ./ એમ.ટેક. | એમ.એસસી./એમ.ઇ./એમ.ટેક./ એમ.ફાર્મ |
| ફકરા ૨ (C) (iii) (a) | એમ.એ./એમ.આર.એસ./ એમ.કોમ | એમ.એ./એમ.આર.એસ./એમ.કોમ/ એમ.સી.એ./એમ.બી.એ. |

શિક્ષણ વિભાગના તા. ૧૭/03/૨૦૨૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૨/પ્રાશિનિ-૨૩૮/ક પર સરકારશ્રીની તા. ૨૯/03/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગર પાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારૂં)
- સચિવશ્રી (આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી-૨૦૨૨
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨